city ભાસ્કર
AHMEDABAD. FRIDAY 12/12/2014




# અ'વાદ: ટી વિથ કેસર પીસ્તા આઇસક્રીમ, ૫૦થી વધુ ફ્લેવરની ચા એક જ સ્થળે

**અમદાવાદ :**વાઘબકરી ટી ગ્રુપ દ્વારા અમદાવાદમાં તેનો પ્રથમ સિગ્નેચર ટી-લોન્જ લોન્ચ કરવામાં આવ્યો. આ પ્રસંગે જોધા અકબર ફેમ જોધા-પરિધી શર્માએ ખાસ હાજરી આપી હતી. શહેરમાં નવા શરૂ થયેલા આ ટી લોન્જમાં ચાના રસિયાઓને 50થી 200 રૂપિયા સુધીની કિંમતમાં 50થી વધુ અવનવી ચાના ટેસ્ટ કરવા મળી શકશે.

ટી વિથ કેસર પીસ્તા આઇસક્રીમ, દાર્જીલીગ ટી, રોઝ ટી, જાસ્મીન ઓન ગ્રીન ટી, ડાયટ ગ્રીન આઇસ ટી - આ બધા છે ચાના અલગ-અલગ પ્રકાર. આવી 50થી વધુ રસપ્રદ ચાના પ્રકાર તમને શહેરમાં નવા ખૂલેલા વાઘ-બકરી ટી લોન્જમાં ચાખવા મળી જશે. આ પ્રસંગે જોધા-અકબર ફેમ પરિધી શર્માએ જણાવ્યું હતું કે, 'ચા સંબંધ મજબૂત કરવામાં મદદરૂપ રહે છે. મારા પોતાના અનુભવની વાત કરુ તો નવા-નવા લગ્ન થયા તે સમયે મારા સાસુ-સસરા માટે મારે ચા બનાવવાની હતી. મને ચા બનાવતા નહોતી આવડતી. આ સમયે મેં મારી મમ્મીને ફોન કરીને ચા કેવી રીતે બનાવવી તે પૂછ્યું, ત્યારે મમ્મીએ કહ્યું કે વાઘબકરી ચા બનાવી દે એટલે ચા સારી જ બનશે. ચા એ આપણી ભારતીય-સંસ્કૃતિ છે.'

## ૧૦૦ વર્ષનું સેલિબ્રેશન

આ પ્રસંગે વાઘબકરી ટી ગ્રૂપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર પિયુષ દેસાઇએ જણાવ્યું હતું કે, 'ગ્રાહકોને ખુશ કરવા માટે આ લોન્જની શરૂઆત કરી છે. ફૂરસદના સમય આવીને બેસવા માટેની જગ્યા છે. 2019માં અમારે 100 વર્ષ પૂરા થશે ત્યારે અમે અઠવાડિયાનું સેલિબ્રેશન રાખીશું, આતો 2019ની વાત, પણ આ લોન્જની વાત કરીએ તો એક સારું એમ્બિયન્સ અમદાવાદીઓને આપવાના હેતુથી આ પ્રયાસ કરાયો છે. હાર્ડ ડ્રીંક્સ અવોઇડ કરી હેલ્થ ડ્રીંક્સ પીવો એ આ જગ્યાનો મુખ્ય હેતુ છે.' એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પરાગ દેસાઇ જણાવે છે કે, 'આ લોન્જ દિલ્હી-મુંબઇમાં ખૂબ સફળ છે.અહીં વિવિધ પ્રકારની ચાનો સ્વાદ માણવા મળશે. દાર્જિલીંગ ટી કે જે ટી-લીક્યોર તરીકે ઓળખાય છે તેની મઝા પણ અહીં માણવા મળશે.'